श्री

मल्लि जिन माहात्म्य.

(ચરિત્રસાર, ભોયણીનો સંબંધ, સ્તુતિ.)

પ્રગટ કરનાર

૧૮૮૭

अर्पण पत्रिका.

शेठ. मनसुखभाइ भगुभाइ !

साधर्मी भाइने सुधारी सुख
शांति अर्पवा आपनो अपूर्व
आग्रह तेमज सभा तरफ
आपनी विमळ द्रष्टि वि-
लोकी आ शुभ अव-
सरे आ लघु ग्रंथ
आपने अर्पिए
छीए.

श्री जैनधर्मप्रवर्तक सभा.

अमदावाद.

મનહર છંદ.

અવલોકી આપના, અનેક ગુણ ગણ શેઠ !
હઠાવવા હેઠ અગનાન, ચિત ચા'ઇને;
વખાણ ક્ષખાણ વિષે, લંબાણથી લખીએ શાં ?
જરૂર જણાવવાની, નહીં જગ જાઇને. ૧

શાળા આદિ સ્થાપી આપી શુભ સા'ય આપ આપ
સભાસદો તેથી મન માંહિ હરખાઇને;
ભગવંત ભગુભાઇ પુત્ર ધરે ધમ શુત્ર,
અરપે આ લઘુ ગ્રંથ મનસુખ ભાઇને. ૨

D. W. B.

પ્રસ્તાવના.

વાચક વૃન્દ! આ માંગલિક અવસરે વર્ત્તમાન ચોવીશીના ઓગણીસમા તીર્થંકર મલ્લિનાથનું પવિત્ર ચરિત્ર આપ સમક્ષ મુકવાથી અમારા અંતર અંદર આનન્દનો આવેશ પ્રવેશ કરેછે.

"વાર્તાઓ વાંચવાથી લાભ નથી" એમ માનનાર મનુષ્યનું વિકલ વચન માન્ય ન કરતાં અમે સ્પષ્ટ રીતે કથન કરીએ છીએ કે સામાન્ય વાર્તાઓ સદેવંત સાવળીંગા આદીના સંબંધમાં તે સત્ય હો; પરંતુ તીર્થપતિ તથા તેવાજ અન્ય માહાત્માઓના પવિત્ર ચરિત્રથી, અનુપમ અપાર લાભ છે. સજ્જનના આચરણ જાણી અનુકરણ કરવાનું તેવા ગ્રંથોથી બની આવે છે. અમે તે વિદ્વાન વાસુપૂજ્ય ચરિત્ર કર્તાનું યુક્તિયુક્ત મત માન્ય કરીએ છીએ જે કહે છે કેઃ—

ते तु भीमभवांभोधिसेतवः पुण्यहेतवः
बुद्धिमाद्भिर्विबुध्यंते महतां चरितश्रुतेः ॥

"તે ભયંકર ભવસાગર પાર કરવાને સેતુ (પૂલ) સમાન, પુણ્ય નિદાન—દાન, શિયળ, તપ અને ભાવ—વિદ્વાનો વડે મહાન પુરૂષોનાં ચરિત્ર શ્રવણથી યથાર્થ રીતે સમજાય છે."

આ પુસ્તકમાં મોહાદિ મહામલ્લ જીતનાર મલ્લી જીનવરનો, ચરિત્ર સાર, ભોયણીનો સંબંધ, સ્તુતિ વિગેરેનો સમાવેશ કરેલો છે. આશા રાખીયે છીએ કે એથી કેટલેક દરજ્જે ઉપર કથેલ લાભ લાધશે. સભાના સકળ મનોરથ પરિપૂર્ણ હો.

સંવત ૧૯૪૨
સને ૧૮૮૬

श्री जैनधर्मप्रवर्तक सभा.
મુ૦ અમદાવાદ.

શાર્દૂલ વિક્રીડિત વૃત્ત.

આદિમાં અવિનાશી મલ્લીજીનને નેહે નમો સૌ મળી,
દેવી શાસન સેવી લેવી હમણાં લાગી પગેરે ! લળી;
બોધિદાયક સેવ વાયક વિષે છે શ્રીગુરૂના વળી,
માફી દોષાદિકની જગ કને માગે મળી મંડળી.

શ્રી
મલ્લિજીન માહાત્મ્ય.

મંગલા ચરણ.

રાગ ધનાશ્રી.

(વિનતી ધરજો ધ્યાન જન સહુ૦—એ રાહ.)

મલ્લિનાથ મહારાજ, મન ધર મલ્લિનાથ મહારાજ;
ચરણ કમળને ચિત્તમાં ધરવા, કરવા આતમ કાજ.
મન ધર૦ એ ટેક.

ફાગણ સુદ ચતુર્થી દીવસે, ચવીઆ જગ જીનરાજ;
માત તાત જન મનમાં માને, સિધ્યાં સકળ નીજ કાજ.
મન ધર૦—૧

મંગળ મોહોત્સવ છપ્પન કુવરી, કરતી સૈજીનીજસાજ,
આનંદ જય! જય! થૈ થૈ આદિ, ઉપજે રહેત અવાજ.
મન ધર૦—૨

હર્ષ ઝરણ હૃદયે વહેવાથી, તોરણ સ્તંભન કાજ;

ઝરી પતાકા જગમાં જાણાવે, જય! જય! શ્રી જીનરાજ.

મન ધર૦—૩

ઉર ઉમંગ ઊભરાવા લાગ્યો, ઉપન્યો તેથી અવાજ;
"તું પ્રભુ માત પિતા સહુ તુંછું, જય! જય! ગરીબનીવાજ.

મન ધર૦—૪

પરીસહ આદિ મલ મંડલની, ખોણી ઉતારી ખાજ;
દિનકરને ઘુઅડ દ્રષ્ટાંતે, અલગ થએલ અકાજ.

મન ધર૦ ૫

પાપ પંક પખાળી પોતે, દેખી દુનીઆ દાઝ;
સુજન તણા મન રંજન કરવા, કરવું એક સુકાજ.

મન ધર૦—૬

તમ મહાતમ પ્રકાશ કરૂંછું, પાપ પડળ ભસ્મ ભાજ;
અધિપતિ! અમ અરજી અવધારી, આપ્રગ આપોઆજ

મન ધર૦—૭

ભવ ભયભંજન ભીતિ ભાગી, સર્વ રીતે દે સાજ;
"જૈનપ્રવર્તક" શેવક તવછે, ઉપગારી શીર તાજ.

મન ધર૦—૮

શ્રી પરમાત્મને નમઃ

મલ્લિજીન ચરિત્ર સાર.

ગરબી ૧

(સાંભળરે તું સજની મોરી, રજની ક્યાં૦ એ રાહ-)

મલ્લિજીનું મહાતમ કહેશું,
મળી સુણજો સહુ શ્રવણેજીરે;
તરણ તારણ તીરથપતી તણું,
હું ચરિત્ર કહું હવણે.—
સુણજો સહું જનજીરે.—૧

જયંતથી જીનરાજજી રાવીઆ,
ચોથે સુદ ફાગણનીજીરે;
દોહદ એક અનુપમ ઉપન્યો,
મન માંહિ જીન જનની. સુણજો૦—૨

"સુગંધી પુષ્પની શય્યાએ સુવું",
દોહદ પૂર્યા દેવેજીરે;
સાધી લેવે શુભ ફળ સ્નેહે,
જીન જનનીની સેવે- સુણજો૦—૩

ગજવર આદિ ચૌદ સુપન શુભ,
માત પ્રભાવતી પેખેજીરે;
કંત કુંભ નૃપ તે સૌ સમજી;
લાભ અલૌકિક લેખે સુણજો૦—૪

માસ નવ દીન સાત પછી શુદ,
માગશર દીન અગીઆરીજીરે;
પ્રગટ્યા મથુરામાં પ્રભુ પોતે,
જીનવર રૂપ કુમારી. સુણજો૦—૫

કુંવરી રૂપે જીનવર જનમ્યા,
એ અધિકું અચ્છેરૂંજીરે;
સ્રીવેદ શા રીતે બાંધ્યું ?
વ્યાન કહું તે કેરૂં સુણજો૦—૬

પૂર્વભવ.

ગરબી ૨

(રઘુપતિરામ—જય જીનવર જગ૦—એ રાહ)

ભવિક જન ! સાંભળો સહુ ભાવેરે;
શુણતાં દુઃખ દાહક નાવેરે;
જડથી જગ પીડા જાવે. ભવિક૦—૧

માહા વિદેહ અનુપમ ક્ષેત્રરે,
"સલિલાવતી" વિજય પવિત્રરે;
'વીતશોક" નગરમાં ચરિત્ર. ભવિક૦ ૮
"બલ" નામે તીહાં એક રાજારે,
રાણી "ધારીણી"ના ગુણ તાજારે;
મહીમંડળ લોપે ન માઝા ભવિક૦—૯
પુત્ર તેહને મહાબળ નામેરે,
અનુક્રમે યુવા પદ પામેરે;
શત પાંચ વરાવે વામે ભવિક૦—૧૦
વૃદ્ધાવસ્થાએ પામ્યે પુત્રરે,
સંભાળી લીએ ઘરસુત્રરે;
શીવ લહી બળ સાધે અમુત્ર ભવિક૦—૧૧
૧ ૨ ૩
અચળ અભિચંદ્રને ધરણરે,
૪ ૫ ૬
પૂર્ણ વસુને વૈશ્રમણરે;
૭ મિત્રની સાથ રમણ ભવિક૦—૧૨
એક દીન તિહાં મુનિ આવેરે,
મિત્રમંડળ પાસે જાવેરે,
જોગ્ય જાણી દેશના સુણાવે. ભવિક૦ ૧૩
ઉપદેશ દીધા શુભ શ્રમણેરે,

સાંભળી સૌ મિત્ર તે શ્રવણેરે;
ચઢ્યા શીવ સુખ સાધક રમણે ભવિક૦ ૧૪
કરી દિક્ષાને અંગીકારરે,
મિત્ર સાતે થયા અણગારરે,
કાઢે જ્ઞાનાદિથી કર્મ ભાર. ભવિક૦—૧૫
ભણ્યા અંગ સહુ અગીઆરેરે,
તપનો પણ સરખો વિચારરે;
સાધે ફરક નહી જ્યાં લગાર. ભવિક૦ ૧૬
હવે મહાબળ મનમાં વિચારેરે,
"ભાળીશ ન પદવી ભારેરે;
"કરે કરણી સૌ મમહારે. ભવિક૦ ૧૭
"કરણી સરખીનું ફળ સરખુંરે,
"નિશ્ચે મન માંહી નોરખુંરે;
"થઇ અધીક હું શાણે હરખું ? ભવિક૦ ૧૮

ગરબી. ૩

[ભુલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો. એ રાહ]

મહાબળ ચિતમાં ચિંતવે, "શોધી કાઢું ઉપાય
"સર્વદા ઊમદા માહરી, પદવી સચવાય- માહા૦ ૧૯

સાથે કરી ઉપવાસ સૌ, બેસે પારણા કાજ
મહાબળ કહી“માથું દુખે”,કાઢી લે નીજકાજ-માહા૦૨૦
છળ ચલાવી છુપી રીતે, કર્યું કાજ અમુલ્ય
તીર્થંકર પદ સાધવા, તપ નહી તેહ તુલ્ય -માહા૦ ૨૧
'વીસથાનક' તપ સાધીઓ, કરી કપટ તે વાર
સ્ત્રીવેદ ત્યાંથી બાંધીયું, ભોગવ્યું આણે ઠાર-માહા૦૨૨
કર્મ કથા તે વિચિત્ર છે, છાંડી છુટે ન છેક
બાંધ્યાં તેવાં ભોગવે, આખરે દીન એક. માહા૦ ૨૩
માસ બેની સંલેષણા, સાધીને જન સાત
સાગરોપમ બત્રીસ આવખે, જયંતમાં જાત માહા૦૨૪
જીવ “અચળ” ના ચવી કરી, થયો અયોધ્યા અધિપ
'સુપ્રતિબદ્ધ' એ નામથી, ઓળખે આખોદ્વીપ-માહા૨૫
ચંપા નગરનો રાજવી, “ચંદ્રજસા” સુજાણ
'ધરણ' તણો જીવ ચવીને, નીપનેલજ જાણ-માહા૨૬
કાશીપતિ' 'શંખ' નામનો' અભિચંદ્રનો જીવ;
સાવત્થિ સ્વામી 'પુરણનો! નામથી રૂક્મિ માહા૦૨૭
'વસુ' કુરૂદેશાધિપતિ, નામે “અદીનશત્રુ”
કપીલાપતિ વૈશ્રમણ” તે નામથીજીતશત્રુ' માહા૦૨૮
માહાબળ'નો જીવ ઉપન્યો, “મલ્લી” કુમરીને રૂપ
સુધા સમુદ્ર કે શું કહું!!,હતું રૂપ અનુપ માહા૦-૨૯

जन्म महोत्सव.

ગરબી. ૪

[જગજીવન જગ વાલહો૦ એ રાહ]

જગજીવન જીન જનમીઆ, પામ્યા પરમ આનંદ લાલરે
દેવદેવી શોવે ભાવથી, ફેડે કરમના ફંદ લાલરે;
જગ૦ ૩૦

ઘર ઘર આનંદ અવનવો, હોવત થૈ થૈ કાર લાલરે;
બંદીપુરૂષ ગુણાવળી, મુખ કરતા પુકાર લાલરે;
જગ૦ ૩૧

છપ્પન કુમરીના આસનો, અવસર તે કંપંત લાલરે;
અવધિ જ્ઞાને જાણીયું, જનમ્યા શ્રી ભગવંત લાલરે.
જગ૦ ૩૨.

સૂતિકાગૃહ કંઇ કરે, અન્યે પુષ્પ વરસાત લાલરે;
દરપણ લઇ ઉભી રહે, સ્નાન ગાનાદિ રસાળ લાલરે.
જગ૦ ૩૩.

વા ઢોળે કંઇ અંગના. ચમ્મર વીંજે અન્ય લાલરે;
ઇત્યાદિક કરણી કરી, ધારે નીજ જનુ ધન્ય લાલરે.
જગ૦ ૩૪.

કંપે આસન ઈંદ્રનું, જાણે કલ્યાણક જન્મ લાલરે;
ઘંટ "સુઘોષ" વજાડીને, હર્ષ અધીકો મન લાલરે.
જગ૦ ૩૫.

દેવ સકળ સાથે મળી, દેવીનો નહીં પાર લાલરે;
ઇંદ્રો અને ઇંદ્રાણીઓ, આવત તેણીવાર લાલરે.
જગ૦ ૩૬.

દ્વીપ નંદીશ્વર આવીઆ, ઈંદ્રાદિક સહુ વૃંદ લાલરે
નીજ આસન મુકી કરી, ચાલ્યા શક્રમ મહિંદ્ર લાલરે.
જગ૦ ૩૭.

જ્યાં જીન જનની વર્તતાં, આવી નમન કરે શક્રલાલરે
નિંદ્રા નામે "અવસ્થાપની", અરપે નીજ નર ચક્ર
લાલરે. જગ૦ ૩૮

પ્રતિબિંબ મુકી માતા કને, પ્રગટ કરે રૂપ પાંચ લાલરે;
કર સંપુટ જીનસ્થાપતો, આનંદ અધિકો આંચ લાલરે.
જગ૦ ૩૯.

અન્યરૂપ ધરી ઇંદ્ર તે, કરે છત્રાદિક ઠાઠ લાલરે;
આવે મેરૂ પર્વતે, જીહાં "પાંડુક" વનનો ઘાટ લાલરે.
જગ૦ ૪૦.

જન્મ મહોત્સવ સ્થાનકે, મળી સહુ ઇંદ્ર ઉમંગલાલરે;

વિવિધ કળસ કરી એકઠા, અભિષેક જીન અંગ લાલરે.
જગ૦ ૪૧.

ક્ષીરોદકાદિક આણીયાં, અનુક્રમે કર્યો અભિષેક લાલરે;
ભક્તિ કરે ભગવાનની, વાપરીને સુવિવેક લાલરે.
જગ૦ ૪૨.

સ્તવન ભજન ભાવે કરી, મોચ્છવ કીધ નંદીદ્વીપ લલરે;
સ્થાનક નિજ નિજ સાંચર્યા, કરે ઓચ્છવ પછીથી અધી-
પલાલરે. જગ૦ ૪૩.

કુંભ પિતા પછી આદરે, મહોત્સવ મંડાણ લાલરે;
મોહન વાજાં વાગીયાં, જન્મ થયો જીન જાણ લાલરે.
જગ૦ ૪૪.

તોરણ બારણે નવ નવાં, ઉર ઉમંગ ઉભરાય લાલરે;
વિધ વિધ વૃષ્ટિ દેવતા, કરતા ઘર કુંભ રાય લાલરે.
જગ૦ ૪૫.

થાપા કંકુના દીધા, કીધા અધિક ઊપકાર લાલરે;
જય! જય! ધ્વનિ પ્રસરી રહી, અવનીમાં આવાર લાલરે
જગ૦ ૪૬

નારકીને પણ સુખ થયું, ત્રિભુવન થયો ઊદ્યોત લાલરે;
મંદ સુગંધી વાયુ ચાલીઆ, ઝળહળ પ્રગટી જ્યોત
લાલરે. જગ૦ ૪૭.

માંગણ મનોરથ પૂરીઆ, માદળ ધમકે દ્વાર લાલરે;
"ઓચ્છવ! ઓચ્છવ!" થઇ રહ્યો, જીન જનમ્યા જે
વાર લાલરે. જગ૦ ૪૮

ગરબી ૫.

(જાણ્યુંજાણ્યું હેત તમારૂં૦—ઓધવજી સંદેશો એરાગ)

અનુક્રમે જોબન વય જીનવર પામીઆ,
રૂપ રંગમાં ખામી કે નહી ખોડજો;
અવધિ જ્ઞાને અવલોકી સ્થીતિ મિત્રની,
પ્રતિબોધવા ઊરમાં ઉપન્યો કોડજો. અનુ૦ ૪૯
અભિનવ ઘર મંડાવ્યું અશોક વાડીએ,
રતન જ્યોતથી ઝળકે ઝાક ઝમાળજો;
દ્વાર રૂડાં રોપાવ્યાં ફરતાં છ તીહાં,
રતન પુતળી રોપી મધ્ય રસાળજો; અનુ૦ ૫૦
રતન પૂતળી માથે રાખ્યું બારણું,
કવળ એક ત્યાં મુકે કરતાં આહારજો;
ઢાંકે પાછું છીદ્ર રહેલું મસ્તકે,
ગંધ ન જેથી જાતી જરાક બા'રજો. અનુ૦ ૫૧

પેહેલા દૂતનું આવવું.

ગરબી ૬

રાગ ઉપરનો.

હવે અયોધ્યા નગર વિષે રાજાજીઓ,
"સુપ્રતિબદ્ધ" પુજા રચી યક્ષ દ્વારજો;
ફુલની માળા દેખી પુછે દૂતને,
"દીઠી માળા આવી તે મનોહારજો?" અનુ૦ ૫૨
વિનમી દૂત હવે વિનયે વિનવે,
રાજન! મલ્લિ કુંવરી ચતુર સુજાણજો;
"રૂપવંતી રમણી નવ અવની નીરખી",
"તસ માળા આગળ આશું પ્રમાણજો" અનુ૦ ૫૩
પુર્ણ પ્રેમથી સુપ્રતિબદ્ધે યાચના,
મલ્લી કુમરીની કરવા આ વારજો;
દુત મોકલીઓ કહેવા કાજે કુંભને,
"આપો અમને તમ કુમરી નીરધારજો" અનુ૦ ૫૪

બીજા દૂતનું આવવું.

ગરબી ૭

(હવે શરદ સુધાકર૦ નિતારી ચોપાઇ- એ રાહ.)

ચંપાનગરીથી કાંકવેપારી, "અરહન્ન"આદી ચઢયા અસવારી;
ઝાઝ ભલાં ભરી કરીઆણું, મીતથી પળીઆ પરીઆણું. ૫૫
ઇંદ્ર અર્હન્નની પ્રશંસા કરે, "શ્રાવક એ સમભરતે ન ખરે";
મિથ્યાત્વી શકા આણીને મન, સમુદ્રમાં કરત વિઘન. ૫૬
કરે અધોક અરે! ઊતપાત, અરહન્ન કરે અન્ય વાત;
કરી સાગારી આણસણ, વીતરાગનું કરતો સ્મરણ. ૫૭
દેવતાએ ઘણુંક દુભાવ્યો, તોયે આખર કાંઇ ન ફાવ્યો;
કહે દેવ કરો હરિ શેવ, સાધો સુખ અચળ અહમેવ. ૫૮
વેગે વિનવે વાણીજ અરહન્ન, ફેરવે નહી તે તો મન;
સામટો પામી દેવ સંતોષ, હૃદયેથી નીવારત રોષ. ૫૯
કુંડળ યુગળ આપીને નમે, વદી વચન તે વીર વીનવે;
'અહો! અહો! અહો! અરહન્ન! ધરણીમાં તમે ધન્યધન્ય. ૬૦
"જીવિતવ્ય તમારૂં વખાણું જેવું ઈંદ્ર કહ્યું તેવું જાણું
"માન્યું નહી મેં સુરખે વચન દુભાવીયું આપનું મન. ૬૧
'ક્ષમા કરજો મમ અપરાધ," કહે અરહન્ન "એમાં શો બાધ
"બે લોકસાધક જીનધર્મ, મુકું કેમ હું ભુલીને ભર્મ." ૬૨
ચાર કુંડળ આપી હાથ, દેવ તે નીજ સ્થાનક જાત;
આવી વ્યાપારીએ મીથીલામાં,અર્પ્યો કુંડળ યુગળ સભામાં.૫
રાજાએ કુમરી કર દીધાં, બીજાં બે ચંપાપતી લીધાં;
રાજા પુછે "અરે! વ્યાપારી! દીઠું શું શું તમે ચમત્કારી?"

કહે પછીથી તે વેપારી, "અવલોકી તે મલ્લી કુમારી";
,'કુંભ' નૃપતિની દુહિતાતે, સંપૂર્ણ છે સઘળી વાતે". ૬૫
"ચંદ્રજસાજી! શું કહું આજુ, બીજું ધ્યાન મુકું એક બાજુ";
"રૂપ તેનું અરે! અદ્‌ભુત", રાજાએ પછી પાઠવ્યો દૂત. ૬૬

त्रीजा दूतनुं आववुं.

ગરબી ૮

(સદા ફકીરી મેરે૦—અડો ચતુર૦—એ રાહ.)

એક દીવસ મલ્લી કુમરીનાં, કુંડળ બંને ભાગ્યાંરે;
સોની મંડળને આમંત્રી, સોંપ્યાં સાંપણ સાંધ્યાંરે. એક૦
હાથ જોડીને વીનવે સોની, "સંધાયે નહી સ્વામીરે"
"કુડળ આછે અમર તણાં તે, જાણો અંતર જામીરે" એક૦
રાજા ભરાયો તેથી રીસે, દેશવટો પછી દીધોરે;
સોનીના સમુદાયે મળીને, વાણારસી પથ લીધોરે. એ૦ ૬૯
વાણારશી પુરપતીએ પુછ્યું, "તજ્યો કેમ નીજ દેશરે?"
સોની મંડળ કહે "માહારાજા!, વાંક નહી લવ લેશરે"
એક૦—૭૦
"કુમરીનાં કુંડળ દેવતાઇ, શસાંધ્યાં કે સંધાએરે?"
"શૃંગાર કુમરીનો એવો, કીધે નવ કેહવાએરે" એક૦૭૧

વાણારશી પુરપતીએ વીચારી, વરવી મન વીમાશીરે;
દુત મેરીઓ કુંભ ભુપાતી કને, વરવાકેરી આશીરે. એક૦૭૨

ચોથા દૂતનું આવવું.

અરજી ૯

(રમતી ગમતી અમુન૦—ચિત ચોખે૦ એ રાહ.)

રૂકમી રાજાએ નીજ પુત્રી, ચાર માસ પીઠી ચોળાવીરે
સખી વાત રસીક આ રઢીઆળી. ૭૩
પુછે દૂત પુરૂષને પોતે, ભભકો રૂપ તણો ભાળીરે સખી૦
"કેહેજે દૂત અરે! કો નારી, મમ પુત્રી સમ નીહાળીરે.
સખી વાત૦ ૭૫
દૂત કહે સ્વામી! શું કહું હું, "મલ્લી કુવરી સમ નવ
ન્યાળીરે" સખી વાત૦ ૭૬
"અંશ નહીં આ રૂપ તે આગળ, રામા તેવી રૂપાળીરે
સખી વાત૦ ૭૭
"સાગર સામે ગાગર ગજુ શું, હંસી આગળ કાગડી
કાળીરે" સખી વાત૦ ૭૮
"રતન કીહાંને કાચ કીહાં વળી, એરંડો કયાં કયાં
કદળીરે" સખી વાત૦ ૭૯

રાજા સુણતાં હૈયે હરખી, દૂત મેરતો ઉજમાળીરે
સખી વાત૦ ૮૦

पांचमा दूतनुं आववुं.

ગરબી ૧૦

(રાગ ઈદ્ર સભાનો, એ રાહ.)

કુંભરાજ તણા પુત્રે, ચિત્રશાળા એક;
ચીત્રાવી વીષેષ આણી, ચિત્તમાં વિવેક. ૮૧
ચિતર્યું તીહાં ચીતારાએ, મલ્લી કુમરી રૂપ;
ક્રીડા કરતાં ભાઇ ભાળી, કોપીઓ તે ભુપ. ૮૨
હાથ કાપી ચીતારાને, કાઢયો શે'ર બા'ર;
હસ્તીનાપુર નગર આવ્યો, અદીનશત્રુ દ્વાર. ૮૩
રૂપ સકળ વર્ણવ્યું ત્યાં, કુંમરી સાંગો પાંગ,
સુણી સમસ્ત રૂપ ભુપ, અંગ પ્રગટયો રંગ. ૮૪
પછીથી તેણે મેરીઓ, એક દૂત કુંભ દ્વાર;
વરાવવા વિનંતી કરી, સોંપી શીખ સાર. ૮૫

છઠ્ઠા દૂતનું આવવું.

ભુજંગી છંદ ૨૧

હવે એકદા એક આવી અતિતે,
કરી પ્રાર્થના વાદ કેરા નિમિત્ત;
પરીવ્રાજીકાને જીતી તે કુમારી,
થઇ તેથી તે તેહની ખુબ ખ્યારી. ૮૫
જઇ જીત શત્રુ કને કીધ વાત,
કુમારી તણા રૂપની ભવ્ય ભાત,
ઉમંગી થઇને અરે ! રૂડી પીતે,
પછી પાઠવે દૂતને રાજવી તે. ૮૬

ગરબી ૧૨

[સુણો ચંદાજી૦ હે ચતુર સુજાણ૦ એ રાહ,)
હે ! ચતુર સુજાણ !, ચરિત્ર તીર્થપતીનું સુણજો સ્નેહથી;
ભવ સાગર આપ, ગાગર સમ અવલોકીલેશો એહથીઃ ટેક.
તે છએ દૂતો સમકાળે, આવેલા કુંભ ભુપતિ ભાળે;
કહેતો રાજા ધૈર્યા કાળે. હે ! ચતુર૦ ૮૮
"સુણીછે અરજી મેં તમ શ્રવણે, પુત્રીમારી કે ! નહી પરણે
"જાઓ બેસો તમ નૃપતી શરણે" હે ! ચતુર૦ ૮૯

સુણી નૃપ નિષેધ સહુનીસર્યા, નીજપુરતણા પથમાંહિ પળ્યા
ગયા સર્વ તણા ગર્વ જ ગળ્યા, હે ! ચતુર૦ ૯૦
કુંભરાય લઇ લશ્કર આવ્યો, દારૂણ સંગ્રામજ મચાવ્યો;
પણ આખર એમાં નવ ફાવ્યો. હે ! ચતુર૦ ૯૧
લડતી બંને બાજુ બળથી, નહિં એક તણી આશા ફળતી;
આખર આવી કુંભની પડતી. હે ! ચતુર૦ ૯૨
હવે મલ્લી કુમરી પણ કહાવે, ભલે મારા રતન ઘરેઆવે
આવી પેસે જે દ્વારે ફાવે. હે ! ચતુર૦ ૯૩
છએ જણ તીહાં આવી બેઠા, પુતળી સમજી મલ્લી પેઠા
હળવેથી આસનપર હેઠા. હે ! ચતુર૦ ૯૪
પેલુ ઢાંકણ કુમરીએ ઊઘાડયુ, "થુથુ" કહી વસ્ત્ર ધર્યું આડુ
સૌએ નીજ નાકને દબાવ્યું. હે ! ચતુર૦ ૯૫
દુર્ગંધી પ્રસરી તે સ્થળમાં, આવા કુંવરી યુક્તિ અમલમાં;
કહે કુવરી હવે તે મંડળમાં. હે ! ચતુર૦ ૯૬

कुमारीकृत प्रतिबोध.

હોરી ૧૨

(સાંવરો હજુએ ન આયો૦ એ રાહ)

"શાને ધન જન જોબન હારો?—એ ટેક.

"રે! રે! માનુભવ! ભમ ન મુકીને,
"વાત હૃદયમાં વિચારો;
"ધર્મ મરમને ધીર ! ન ધારી,
"આદરોછો અનાચારો;
"જરા ગતી ભાવી વિચારો,
"શેણુ ધન જન જોબન હારો. ૯૭
"અભિનવ શું અમમાં અવલોકયું,
"મહીપતિ મનમાં વિચારો,
"દુરગંધે ભરી હું છું કુમારી,
"લાભ એથી શો થનારો,
"જશો ઉલટો જન્મારો. શેણુ૦ ૯૮
"કોળીઓ એક ધરેલ પુતળીથી,
"વસ્ત્ર ધરણનો વારો,
"બત્રીશ કોળીઆ શરીર આ જાચે,
"એમાં સો સમજો જેવારો,
"હાથે માગો છમારો. શેણુ૦ ૯૯
"સમજો નરેશ્વર! કાંકતો સમજો,
"સફળ થસે જનમારો"
એમ કહી અટકયા જીનવરજી;

દેખે પુરવ જનમારો,
પછીથી સર્વ ભુપાળો. શાણું૦ ૧૦૦

દોહરો.

પ્રતીબોધ તે પામીઆ, થયા થતા અણગાર;
જન પછી દીક્ષા લઇ થયા, શીવ પુરના શણગાર. ૧૦૧

ગરબી ૧૩

(પડવેની પણ પ્રીત૦—આદીતે અરોહંત એ રાહ)

માગસર સુદ એકાદસે જીનવરજીરે,
લે ત્રણસેં જનની સાથ, દીક્ષા સુખકરરે. ૧૦૨
અહોરાત્ર છદમસ્થ, અવસ્થા પાળીરે;
પ્રભુ પાયા કેવળજ્ઞાન, જગ જયકારીરે. ૧૦૩
ગણધર અઠાવીશ, અભીક્ષક આદીરે;
વિધ વિધ જ્યાં લબ્ધિવંત, વળી કંઇ વાદીરે, ૧૦૪
સમેતશિખર જીનરાજ, જઇ સંલેષણરે;
કરે એક માસ અર્હંત, ભરીઆ ગુણ ગણરે. ૧૦૫
કાઉસગ ધ્યાને નાથ, મલ્લી રહેતારે;
વળી પાંચ સહસ અણગાર, સાથે વહેતારે. ૧૦૬

પંચાવન સહુસ્ત્ર વર્ષ, આંયુષ પાળીરે;
જીન સાધે શીવપુર રાજ, કર્મો ટાળીરે. ૧૦૭
વદ માગસર દીન ચઉદ, શુક્રર વારેરે,
કરીયું આ પુરણ કામ, શાસ્ત્રાધારેરે. ૧૦૮
ચારૂ ચરિત્ર જીન મલ્લિનું કહ્યું હેતેરે;
ભણતાં ગણતાં જન ભવ્ય, સુખ સહુ લેનેરે, ૧૦૯
ભુલચુક કરી માફ, દોષન દેશોરે,
સમજીને સજ્જન સાર, શોધી લેશોરે, ૧૧૦
પુજાને પરભાવના કરે ભાવેરે,
તસ ઘર તે મંગળ માળ નીતનીત થાવેરે. ૧૧૧
"જૈન પ્રવંત," દાસ, શરણે આવેરે;
"જય! જય! શ્રી મલ્લિનાથ"! જગ બોલાવેરે. ૧૧૨

चरित्रसार समाप्त.

શ્રી પરમાત્મને નમઃ

ભોયણીનો સંબંધ.

ગરબી-સિંધુરા-બરવે.

(સારૂં સારૂં રે સુરત શે'ર.—એ રાહ)

જય! શ્રીમલ્લી જીનરાજ! વિનવું વિનયેરે;
ઉર આનંદ ઉભરાય, ઉત્તમ જીન ઉદયે-એ ટેક.

ચુંવાળ નામે ચારૂ ક્ષેત્ર, ભોયણ ભવ્ય જ ગામરે;
ધર્મ ધુરંધર મલ્લિ જીનનું, પ્રગટ્યું ધોરી ધામ.

વિનવું૦ ૧

ચોર તણું ચુંવાળ હતું શુભ, સંતાવાનું સ્થાનજો;
ધોળે દા'ડે ધાડાં પડતાં, મુકે મન અભિમાન.

વિનવું૦ ૩

પાટનગર ચોરોનું ભોયણ, ભો નહિં આજે ભાળ્યોરે;
પ્રતાપ પ્રભુનો વધી પડ્યાથી, વળીઓ તે વાણ વાળ્યો.

વિનવું૦ ૪

ઓગણીસેં ત્રીસ સંવત વીર પછી, સત તેવીસેં વરષેરે;
વૈશાખ સુદ પુનમ શુક્કર દીન, ભોયણ વાસી હરખે.

વિનવું૦ ૫

"કેવળ" પટેલ તણુ ક્ષેત્રેથી, પ્રગટ્યા પુણ્ય નિધાનજો;
ભોયણુ વાસીનાં ભાગ્ય ઉઘડ્યાં, ભાળી શ્રી ભગવાન.
વિનવું૦ ૬

કોક અધિષ્ઠાયકના યોગે, ચારૂ થયા ચમત્કારરે;
વાજાં વિવિધ તરેનાં વાગ્યાં, જાગ્યાં ભાગ્ય અપાર.
વિનવું૦ ૭

અવાજ તોપોના જો તે, સમયે થયા શ્રીકારરે;
આનંદ ને અચરજ નવ માયે, ઉર પુરવાસી તે વાર.
વિનવું૦ ૮

મૂરતી ત્રણ પ્રગટી પછી ત્યાંથી, એકજીનવર બે કાઉસગીઆ
તેહ તેજ તુલ તેજ ન દેખ્યું, જગમાં અન્ય જગીયા.
વિનવું૦ ૯

કુકવાય કંઇ કે' લઇ ચાલો, બીજા કે' ભોયણુ માં;
વાંધો ત્યારે ઊઠયો એતો, બેઉ ગામના જણમાં.
વિનવું૦ ૧૦

આખર પધરાવ્યા પ્રભુ રથમાં, છેકજ છુટા રાખ્યારે;
ભોયણ ભણી તે ગાડું વળીયું, "જો ! જો !" જન સહુ
ભાખ્યા. વિનવું૦ ૧૧

ધવળ મંગળના નાદ થયા ને, વાગ્યાં મોહન વાજાંરે;

જાણુ થયેથી જગમાં દાઠી, જન આવે ત્યાં ઝાઝા.
વિનવું૦ ૧૨

અમી ઝરણુ પ્રભુ અંગુઠેથી, થાય રોગીયા રાજીરે;
જીનવર ગુણના ગણુની વ્યાખ્યા, કરતા ઝાઝી ગાજી.
વિનવું૦ ૧૩

અંધા ઘણાક દેખત દીઠા, મીઠા બોલે મુગારે;
શુદ્ધ સંસ્કૃતે વદતા વાણી, ગણુએલ જે ગુંગા.
વિનવું૦ ૧૪

શંઘ સહુ સ્થાનેથી આવ્યા, મહિમા ચાલ્યો મોટોરે;
દુરજન દુષ્ટ તણુ ના ફાવ્યું, ઉલટો ખાધો સોટો.
વિનવું૦ ૧૫

ડાહ્યાપણુ રાખી શેવ્યે દીલથી, ધોવાયે મન મેલરે;
હામ રાખતાં હોંશે હોંશે, લબ્ધિઓ સહુ સેલ.
વિનવું૦ ૧૬

ભાગ્યવંતને ભાણતાં ગાણતાં, સાર ગ્રહણની આશરે;
ઇચ્છે શુભ જન તે સૌ કેરૂં, કવિજન કેશે દાસ.
વિનવું૦ ૧૭

સંવત ઓગણીસેં તેતાળી, ચૌદશ વદ માગશરનીરે;
શુકકરવાર તણી મધરાતે, જીન ગુણ ગીતા વરણી.
વિનવું૦ ૧૮

"જૈન પ્રવર્તક" શેવક કહેછે, ભુલ ચૂક સૌ માફ રે;
"જય! જય! ગહ્લી જીનવર", ઉચરો એકવાર સહુ આપ;
વિનવું૦ ૧૯

भुजंगी छंद.

સુણ્યું સાંભળ્યું ન દીઠું અન્ય સ્થાને,
લખ્યું સજ્જનો! પ્રીતથી તેજ પાને;
કદિ ભૂલ દીસે સુધારી જ લેજો,
સદા સાર ગ્રાહી પઠે હંસ હોજો. ૨૦

भोयणीनो संबंध समाप्त.

શ્રી મલ્લિજિન સ્તુતિ.

વસંતતિલકા છંદ.

મોહાદિમલ્લ જીતી મોક્ષ પ્રતાપી પામ્યા,
ભૂપાળ! ભવ્ય! ભવસાગર ભીતિ વામ્યા;
વિશ્વેશ! શક્તિ તવ વિશ્વ વિષે વિરામી,
શ્રીમલ્લિનાથ! કર સા'ય સદાય સ્વામી. ૧

એકાન્ત રંક કર અંકજ આપ આપ,
મીંડાં અનેક રૂપ છુટત છેક છાપ;
નેહે નિરંજન! કર્યું શિર નિત્ય નામી,
શ્રીમલ્લિનાથ! કર સા'ય સદાય સ્વામી. ૨

લેખું લખાય જીનરાય! પછી અમારૂં,
તેથી ટળે ભ્રમણ ભાવી વિશેષ વારૂં;
છે છેદીઆ ભવિક તંત અનંત નામી,
શ્રીમલ્લિનાથ કર સા'ય સદાય સ્વામી. ૩

વાંચ્છું પ્રસાદ પ્રભુ પાદ પ્રણામ પ્રેમે,
જેથી તણાઉં નવ નાહક કર્મ સે'મે;
પ્રાધાન્ય કામ નથી કે નથી અર્થકામી,
શ્રીમલ્લિનાથ! કર સા'ય સદાય સ્વામી. ૪

"જૈનપ્રવર્તક' સભા શીવ સાજ માગે,
સમ્યક્ત્વ આદિ પ્રગટયે જીનજ્યોત જાગે;
પ્રાણેશ! પાદ પદમે સતતં નમામિ,
શ્રીમલ્લિનાથ! કર સાંય સહાય સ્વામી.

અભંગ.

નમું મલ્લિનાથ! હેતે ધર હાથ,
આજછું અનાથ, તારો તમે. ૧
જય! જીનરાજ!, કર્યાં નીજ કાજ,
સાધી શીવરાજ, સ્વામી! સ્નેહે. ૨
વળી વળી વંદુ, અંતર આનંદુ,
સમજાવો સંધુ, દયાસિંધુ! ૩
જય! જગભાનુ!, મન માંહિ માનું,
વાંચ્છુ આજ વાંછુ, મોહહન્તા! ૪
ગરીબનિવાજ!, આશરે છે આજ,
'પ્રવર્તક' સમાજ, કરો કાજ. ૫

હીંડી.

તરણ તારણ! શરણ મલ્લિનાથ તારૂં,
વિશ્વ વિપત વિભુ સાંયથી વિદારૂં;

નહિ અવર આપ વિણ અવનિ મારૂં,
-હૃદયમાંહિ ધર્મ ધોરીધીર! ધારૂં. ૧
કૃપાનાથ! એક આશરો તમારો,
માત તાત સર્વ માંહી સ્વાર્થ સારો,
વહું શીદ શીર અવર કાજ ભારો?
આણુ અધિપ હવે દાસ દુઃખ આરો. ૨
મોક્ષ જે પરોક્ષ તે પ્રત્યક્ષ સ્થાપો,
ઉપદેશ દઇ બેશ પાપ કાપો;
'જૈનમર્તક' પ્રસાદ શીવ આપો,
બહુ થયુંછ બાળ બાપજી! બળાપો. ૩

પદ ૧

રાગ કલ્યાણુ.

(જુઓ મેરી સયાં દીપે ગોઢીયાજી.—એ રાહ.)

શ્રીમલ્લિજીન અરજ સ્વીકારો, આણો ભવ ભય આરો.
એ ટેક.

ગરીબ નીવાજ ગણી અરજ ગુજારૂં, વિપત વિભુજીવારે
કરમકટક મમ કેડે પડીયું, વલ્લભ તેહ વિદારો.
શ્રીમલ્લિ૦ ૧

આપ કરમરૂપ પાપ કાપીને, શીવપુર કર્યો સ્વીકારો;
દાસ આશા પુરણ નવ કરશો, કોના ચુરણહારો?

શ્રીમલ્લિ૦ ૨

"ચિંતાચુરણ" બિરૂદ તમારૂં, ધીર હૃદયમાં ધારો;
શેવકને ઉદ્ધરશો નહીંતો, શેણુ પદવી સ્વીકારો?

શ્રીમલ્લિ૦ ૩

કૃપાસાગર! ખોટ ખજાને!, ખાડો શું પડનારો?
કોઠારેથી કણ એક કાઢયે, નહિ દુઃકાળનો વારો.

શ્રીમલ્લિ૦ ૪

'જૈનયશતક' જનની વિનતી, સ્વામીજી! સ્વીકારો;
અધિપતિ! ભાવે ભવ સાગરનો, આણો મુજને આરો.

પદ ૧

રાગ પીલુ.

(કહું શું નશીબ૦ બાહીર રામા—એ રાહ)

નેહ નજરથી નાથ! નીહાળો,
ભક્ત ભણી ભલા ભાવથી ભાળો—એ ટેક

તારણ તરણ જીન! ત્રિભુવન ત્રાતા
તાતજી! તાપ ત્રિવિધ તમે ટાળો. નેહ૦ ૧

રટણ રટત રીઝી રોજ નિરંજન !
ઉછળત ઉર ઉમંગ ઉલાળો. નેક૦ ૨
રાચવું શું જગરમણ ! રમતમાં
ઢોલ સમો જગ ઢંગનો ઢાળો. નેક૦ ૩
પ્રણમું પ્રભુપદ પદમે માતે,
આળપ શું ચતુરાઇથી ચાળો ? નેક ૪
કરૂણા કરો કીરતાર ! કરમહન !
જીન જપ્યે જપે જગતની જાળો. નેક ૫
મલ્લીજીણંદ ! તવ જગતમાં જોતા,
ઢાલત દયારૂપ ઢોલર ઢાળો. નેક ૬
"જૈનપ્રવર્તક" જાપ જપત જીન !
કાઢો કરમરૂપ કાઠલો કાળો. નેક ૭

પદ ૨

(રાહ ઉઠીછે દુઃખની હોલમાં.—એ રાહ.)

હે દયાળુ! દેવ શીવ દાદ સુણી દાસની. એ ટેક.
બાળને જુવાની સાનું કાળ કેડે લાગીઓ,
હા હા ! સાથે સાથે જરા નીશાની જે નાશની;
હે દયાળુ !૦ ૧

વીતરાગ વીના અન્ય દેવ હોવ દિલમાં ન,
ખાસી ખીર મુકી આશ કરે કોણ છાશની?
દ દયાળુ | ૦ ૨

રત્ન રાખી કાચ કોણ કર ધરે મતિમંત?
કલ્પ તરૂ ફેરે કરી ઇચ્છા કરે કાશની; ?
દ દયાળુ | ૦ ૩

વાણી મલ્લી જીન તણી વિમળને વિશુદ્ધ જે,
ઉરમાં ઊમળકેથી વસી ભય નાશની;
દ દયાળુ | ૦ ૪

"પ્રવર્તક" પ્રેમે પ્રભુ પ્રણમે છે પદકજ,
આશ પૂર અંતરની શીવપુર વાસની;
દ દયાળુ | ૦ ૫

પદ ૭

(તીરથની આશાતના૦ વીર કુંવરની વાતડી૦—એ રાહ.)

મલ્લી જીનેશ્વર મૂરતી મનોહારી,
હાંરે મનોહારી રે મનોહારી:
હાંરે ધર્મ ધારી હૃદયમાં ધારી. એ ટેક.
ભુવન ગગનમાં આપ છો વિભુ ભાનું,
હાંરે મહી મંડળ મંડન માનું.

અવલોકો અધીપ. મલ્લી જીનેશ્વર. ૧
વદન શરદનો ચંદ્રમા ચિત ધાર્યો;
હરિ નાથ કર્મ કલંક નીવાર્યો,
ભાળને ભુપાળ. મલ્લી જીનેશ્વર૦ ૨
ચક્ષુ કમળથી ચોકીને ચિત્ત માંહી,
હરિ જાય કમળ સરોવર જયાંહી;
દેખ દાસ દયાળ. મલ્લી જીનેશ્વર૦ ૩
તેજ તણો પુંજ એકઠો આંહી આવ્યો,
હરિ સૂર્ય સરસાઇ કરતાં હાર્યો;
કરે સમુદ્રમાં પાત. મલ્લી જીનેશ્વર૦ ૪
વિશ્વ વિભુ ધરો દાસની દીલ અરજી,
હરિ પ્રભુ પદની "પ્રવર્તક" ગરજી;
દેજો જ્ઞાન દાન. મલ્લી જીનેશ્વર૦ ૫

પદ ૬

(નંદ કુંમર તોરે નેન૦ એ રાહ.)

મલ્લી જીણંદ! તવ વાણી વિમળ મમ, મન વસી (૨)
ભવ ભાવટ રૂપ ડાકયણ દેખી સખી, દૂરે ખસી (૨)
એ ટેક.

સાખી

સમવસરણમાં સ્વામીની, સાગર સમ ગંભીર;
સુધા સમાણી દેશના, શ્રવણ કાજ અધીર. જીણંદ૦૧

કરુણાસાગર ! ગુણ—રત્નાકર પ્રભુ ! કૃપા કરો (૨)
શ્રાવક જન કેરી વિનતી વિભુજી! જરા શ્રવણ ધરો. (૨)

સાખી

નિત્ય નિરંજન નાથજી! ભાવ ધરી ભગવાન!
ભજે પ્રવર્તક પ્રેમથી, દેજો જીન ! જ્ઞાનદાન. જીણંદ. ૨

—०❀०—

આરતી.

જય ! દેવ જય ! દેવ, જય જીનવર ! મલ્લી !(પ્રભુ૦)
પ્રણમું પદ તવ પ્રેમે, (૨) સકળ કુશળવલ્લી. જય૦ ૧
તરણ તારણ તાત!, વિપત વિભુ વારો; (પ્રભુ૦)
અશરણ કેરી અરજી,(૨) અધિપતી! અવધારો. જય૦૨
અશરણ શરણ છો આપ, પાપ તાપ કાપો; (પ્રભુ૦)
અનંત ધામ અલૌકિક,(૨) જીનવરજી! આપો. જય૦૩
ઇંદ્રાદિક પણ આપ, શ્રેવે છે આશે; (પ્રભુ૦)
પ્રભુપદ કમળ પ્રણમતાં, (૨) પાતક હુક જાશે. જય૦ ૪
મહાભાગ્ય ! આ લાગ, નહીં ક્યાંઇ લાધે.

સમજુ કેમ ન સમજી, (૨) શીવમારગ સાધે. જય૦ ૫
ઉરમાં ધરી ઉમંગ, પૂજ્ય પદ થાપે; (પ્રભુ૦)
"જૈન પ્રવર્તક" શેવક, (૨) જય ! જય ! જીન જાપે જય૦ ૬

મંગળ દીવો.

(રાગ ધનાશ્રી ત્રીતાળ ધીમો.)

પ્રગટ્યા મંગળ ચાર આજ મારે પ્રગટ્યા મંગળ ચાર;
એ આંકણી. ૧
દેખી મલ્લિ જીનવર મૂરતિ, ભાગ્યો ભવભયભાર;
આજ મારે૦ ૨
પરમાતમની રચતાં પુજા, છૂટે કરમ રૂપ છાર;
આજ મારે૦ ૩
કેસર ભરીયાં કનક કચોળે, સેવો જીન શ્રીકાર.
આજ મારે૦ ૪
શ્રી પ્રભુજીની સેવા કરતાં, નિત્ય નિત્ય મંગળમાળ;
આજ મારે૦ ૫
"જૈનપ્રવર્તક" સેવક જનને, મલ્લિજીન ઉપકાર.
આજ મારે. ૬

वसन्ततिलका.

श्रीमल्लिनाथतवसंस्तवनंकरोमि
मिथ्याभवेत्स्खलितमत्रार्थभुप्रसादात् ।
इच्छाम्यहं जनसुखावहतीशुभयम्
"जैनप्रवर्तकसभा" जयताच्चिरंवत् ॥

सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां जैनं जयतिशासनम् ॥

समाप्त.

અમદાવાદમાં

પાનકોરને નાકે ખમ્ભાજમાદારની હવેલીમાં "સમશેર
બાહાદુર" છાપખાનામાં સવાઈભાઈ
રાયચંદે છાપ્યું.

आश्रय पत्र.

૧૦૧ શેઠ. ભગુભાઇ પ્રેમચંદ હા. મનસુખભાઇ.
૭૫ શેઠ. સારાભાઇ મગનભાઇ કરમચંદ.
૪૦ શેઠ. ત્રીકમલાલ વાડીલાલ
૨૬ સાકરચંદ કરમચંદ હા. ડાહ્યાભાઈ કસ્તુરચંદ તથા સોદાગર. ફુલાભાઇ હેમચંદ
૨૫ શેઠ. ડાહ્યાભાઈ કસ્તુરચંદ
૨૫ નગરશેઠ. પ્રેમાભાઇ હીમાભાઇ.
૨૦ શેઠ વાડીલાલ લલુભાઇ.
૧૫ સોદાગર. હઠીસંગ કપુરચંદ.
૧૫ પરીખ. માનચંદ વીરજી
૧૫ શેઠ લલુભાઇ રૂપચંદ
૧૨ શેઠ પરસોતમદાસ પુંજાસા
૧૧ શેઠ ઉમાભાઇ રૂપચંદ
૧૧ શા. હેમચંદ એહેચર
૧૦ પરી. છોટાલાલ લલુભાઇ
૧૦ ઝવેરી. દોલતચંદ ઝવેરચંદ
૧૦ શેઠ. જગાભાઇ લાલભાઇ
૧૦ પરીખ. મોતીલાલ ઘહેલાભાઇ
૧૦ કોરપાલવાળા. હઠીસંગ મનસુખરામ.
૧૦ કીનખાબવાળા. ચુનીલાલ ફતેચંદ.
૧૦ શા. મોતીલાલ દોલતરામ
૧૦ સા. લલુભાઇ કેવળદાસ
૮ શેઠ ઉમાભાઇ હઠીસંઘ
૭ કીનખાબવાળા જેઠાભાઇ. ફુલચંદ
૫ સા. ડાહ્યાભાઈ નથુભાઇ
૫ સા. મયાભાઇ પ્રેમચંદ
૫ સા. દલપત પાનાચંદ
૫ દલાલ જેસંગભાઇ સાકરચંદ
૫ શા. રતનચંદ શવચંદ
૫ શા મુળચંદભાઈ નાગરદાસ
૫ ઝવેરી લલુભાઇ રાયચંદ.
૫ શા હીરાચંદ કકલદાસ
૫ શા મોતીલાલ મગનલાલ

[જગાની તંગાસને લીધે બાકી.]

જાહેર ખબર.

નિચે લખેલી ચોપડીઓ સભાના મકાન માં શકતી કિંમતે મળશે.

શ્રી પ્રાર્થનામાળ (બાળબોધ) અંક ૧—૦—૧—૦

" અંક ૧ થી ૬ ૦—૪—૦

આત્મબોધ અને જીવની ઉત્પત્તિ. ૦— —૦

શ્રી મલ્લિજીન માહાત્મ્ય ૦— —૬

સ્યાદ્વાદસુધા (દરમાસે પ્રગટ થતું પુસ્તક) અગાઉથી કિંમત રૂ.૦— ૨—૦ વર્ષ આખરે રૂ.૧—૪—૦ પોસ્ટેજ જુદું

લી. મોહનભાઈ મગનભાઈ.

ટ્રેઝરર. શ્રી જૈનધર્મપ્રવર્તક સભા

અમદાવાદ

☞ સભાસદ થવા ઇચ્છનાર દેશી પર દેશી સદ્ગૃહસ્થે સભાના સેક્રેટરીને લખી જણાવવું મેમ્બરની ફી ઠરાવરશે રૂ ૧—૦—૦ અગાઉથી.